P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ 360 004

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3080-5 તારીખ : 01/05/19

રજી. એડી. પત્ર

પ્રતિ,

ભુવા મહેન્દ્રકુમાર ગોરધનભાઈ

સી એમ બાયો ટેક ત્રીજો માળ૮૪-સમૃદ્ધીભવન ગોંડલ રોડ બોમ્બે પેટ્રોલ પંપની સામે ,

મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ .

મોબાઈલ : ૯૫૧૦૬૨૬૮૯૯

**વિષય : નામ ટ્રાન્સફર તથા લોડ ઘટાડવા બાબત .**

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૦૭-૦૨-૨૦૧૯.

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૪૨/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી જે ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.**

Consumer Grievance P.G.V.C.L. Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/ક્વા-૪/૨૦૧૮-૧૯/** 3080-5 તા. 1-5-19

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૨/ક્વા-૪/૨૦૧૮-૧૯

| | |
|---|---|
| અરજદાર: | ભુવા મહેન્દ્રકુમાર ગોરધનભાઈ ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર: | અરજદાર ભુવા મહેન્દ્રકુમાર ગોરધનભાઈ અને અનીલ આર.ચાવડા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – રાજકોટ શહેર-૩ |
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ |
| રજૂઆત કરનાર: | (૧) એસ.જી.સોજીત્રા – નાયબ ઈજનેર (ટેક) – શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ<br>(૨) ડી.ડી.શીગરખીયા – નાયબ ઈજનેર – વાવડી રોડ, પેટા વિભાગીય કચેરી – રાજકોટ |

## :: કોરમ ::

(૧) કા.વા. ચેરપર્સન– શ્રી જે.બી.પારેખ
(૨) મેમ્બર સ્વતંત્ર– કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી – રાજકોટ |
| તારીખ: | ૧૬–૦૪–૨૦૧૯ |

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૬–૦૪–૨૦૧૯ ના રોજ રાખવામા આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

અરજદાર ભુવા મહેન્દ્રકુમાર ગોરધનભાઈ. ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૪૨/કવા–૦૪/૧૮–૧૯
૨.૦ મા જણાવે છે કે, તેઓએ ગ્રાહક નં.–૩૪૫૧૩/૨૯૭૦૬/૯ થી ગોસ્વામી વિક્રાંતગીરી દિનેશગીરી ના નામે
એલ.ટી.એમ.ડી થી ૧૦૦ કીવો ના વીજજોડાણ સહીત ખરીદેલ હોય – જેમા નામ બદલી તથા વીજભાર ઘટાડા
બાબતે ની અરજી પેટા વિભાગીય કચેરી વાવડી– રાજકોટ મા રજુ કરતા – બન્ને પ્રોસેસ એક સાથે થઈ શકે નહી.
૨.૧ ઉપરોક્ત બાબતે – તા.૦૭–૦૩–૧૭ ના રોજ નામ બદલી માટે અરજી કરતા, તા.૦૧–૦૪–૧૭ થી ભાવપત્રક
અપાયેલ હતુ. જે આર્થિક પરીસ્થિતી ના કારણોસર તેઓ સમયમર્યાદા માં ભરપાઈ કરી શકેલ ન હતા.
૨.૨ ત્યારબાદ, તેઓએ ૧૦૦ કીવો માથી ૫૦ કીવો – જુના ગ્રાહક ના નામે અરજી કરેલ, જેનો ટેસ્ટ રીપોર્ટ
તા.૨૯–૦૧–૧૮ ના રોજ રસીદ નંબર: ૧૦૨૮૨૭૭૭ થી ભરપાઈ કરેલ. જે અન્વયે પીજીવીસીએલ ના પત્ર
તા.૦૫–૦૩–૧૮ થી જણાવેલ કે – માલીકી હકક બદલાય ગયેલ હોય – તો તે અંગે સ્પષ્ટતા કરવા જણાવેલ. જે
અંતર્ગત સદર જગ્યા વેચનાર અને અમો અરજદાર દ્વારા સમજુતી કરાર તા.૨૪–૦૪–૧૭ ના રોજ રજુ કરેલ છે.
૨.૩ આમ, ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ દ્વારા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય – જેથી, તેઓના વીજબીલ માં ૧૦૦
કીવો વીજભાર ની જરૂર ન હોવા છતા પણ – નિયમાધીન રીતે ફીકસ ચાર્જ ભરપાઈ કરવો પડે છે, જે અંગે વળતર
અને ન્યાય મેળવવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **અરજદાર રજુઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે,** વાવડી અર્બન સબ ડીવીઝનના અરજદાર શ્રી મહેન્દ્રકુમાર ગોરધનભાઈ ભુવા નંબર:૩૪૫૧૩૨૯૭૦૬૯ ૧૦૦ KW LTMD ઇન્ડસ્ટ્રીયલ કનેક્શન માં નામ ટ્રાન્સફર તથા લોડ ઘટાડવા બાબતે આપની સમક્ષ ફરિયાદ કરેલ છે. જે અંગે ની રજૂઆત નીચે મુજબ છે.

3.૧ સદર કનેક્શન તા.૧૬.૧૧.૨૦૧૩ ના રોજ રીલીઝ કરવામાં આવેલ હતું.

3.૨ સદર કનેક્શન ના મૂળ અરજદાર મેસર્સ અભય ટેક્નોકાસ્ટ દ્વારા વેચાણ આપતા નવા ખરીદનાર વિક્રાંતગીરી દીનેશગીરી ગોસ્વામી ના નામે નવેમ્બર-૧૬ માં નામ ટ્રાન્સફર કરવામાં આવેલ ત્યારબાદ સદર જગ્યાનું ૨૦૧૬ માં ફરીથી વેચાણ થતા અરજદાર મહેન્દ્રભાઈ ગોરધનભાઈ ભુવા ખરીદનાર દ્વારા નામ ટ્રાન્સફર માટે તા.૧૪.૦૩.૨૦૧૭ ના રોજ રજીસ્ટ્રેશન કરાવેલ.

3.3 ઉપરોક્ત નામ ટ્રાન્સફર ની અરજી જુના ગ્રાહક વિક્રાંતગીરી દીનેશગીરી ગોસ્વામી થી મહેન્દ્રકુમાર ગોરધનભાઈ ભુવા ની નામ ટ્રાન્સફર ની મંજુરી ૧૦૦ KW માટે મંજુરી મેળવી નામ ટ્રાન્સફર નું અંદાજપત્ર રૂ.૩૦૭૯૪૫ નું ગ્રાહક શ્રી ને આપવામાં આવેલ જે અંદાજપત્રની રકમ ગ્રાહક દ્વારા ભરપાઈ ન થતા SR NO.9103006 NOT PAID CANCEL થયેલ હતી.

3.૪ સદર કનેક્શન ૧૦૦ KW નું હોય ગ્રાહક ને વપરાશ ન હોય જુના ગ્રાહક વિક્રાંતગીરી દીનેશગીરી ગોસ્વામી દ્વારા લોડ ઘટાડો (૧૦૦-૫૦) ૫૦ KW માટે A1 ફોર્મ ભરી તા.૧૯.૧૨.૧૭ ના રોજ વાવડી અર્બન સબડીવીઝન માં રજીસ્ટ્રેશન કરવામાં આવેલ. જેથી સદર કેસ અત્રેની મંજુરી માટે અત્રે મોકલાવેલ જેમાં માલિકી હક્ક બદલાઈ ગયેલ હોય વાવડી અર્બન સબડીવીઝનને કેસ પરત કરવામાં આવેલ. જેની જાણ સબડીવીઝન દ્વારા ગ્રાહક શ્રી ને પત્ર નં ૧૭૬૪ તા ૦૫-૦૩-૧૮ થી કરાયેલ હતી.

3.૫ ઉપરોક્ત બાબતે ગ્રાહક દ્વારા તા ૦૫-૧૨-૧૮ ના રોજ લેખીતમાં જણાવેલકે તેઓ અગાઉ નામ ટ્રાન્સફર નું આપેલ અંદાજપત્ર ૧૦૦ KW રૂ. ૩૦૭૯૪૫ નું હોય ભરી શકે તેમ નથી જેથી વીજ વપરાશ ના કરારીત લોડ ની જરૂરિયાત ન હોવાથી ૫૦ KW લોડ ઘટાડો કરી આપવો જે રજૂઆત સબંધક કચેરી દ્વારા માન્ય ન રાખતા તા. ૦૧-૦૧-૧૯ થી પરત કરાયેલ. અરજદાર દ્વારા માલિકી હક્ક અંગે જુના ગ્રાહક તથા નવા ગ્રાહક નું અરસપરસ સંમતી પત્ર મેળવી રજુ કરતા જે તા૦૨-૦૨-૧૯ થી વિભાગીય કચેરી ને મંજુરી અર્થે મોકલાવેલ, જે વિભાગીય કચેરી ના જણાવ્યા મુજબ નામ ટ્રાન્સફર ની પ્રોસીઝર બાકી હોય, ત્યારબાદ લોડ ઘટાડા ની દરખાસ્ત મોકલાવી

Consumer Grievance Re... P.G.V.C.L. Rajkot

# :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, અરજદાર ની ફરીયાદ મુજબ સદર વીજજોડાણ અગાઉ મે.અભય ટેકનોકાસ્ટ ના નામે ગ્રાહક નં.-૩૪૫૧૩/૨૯૭૦૬/૯ થી તા.૧૬-૧૧-૧૩ ના રોજ રીલીઝ કરાયેલ હતુ. તે સમયે અરજદાર પાસેથી સીકયોરીટી ડિપોઝીટ પેટે રૂ.૨,૮૦,૭૬૧/- ભરપાઈ કરાયેલ હતા. ત્યારબાદ, સદર જગ્યા વિક્રાંતગીરી દીનેશગીરી ગોસ્વામી દ્વારા ખરીદાતા - સદર વીજજોડાણ ની નામ બદલી તેઓના નામે કરાયેલ - ત્યારે શ્રી વિક્રાંતગીરી દીનેશગીરી ગોસ્વામી દ્વારા વધારાની સીકયોરીટી ડિપોઝીટ પેટે રૂ.૧૭,૪૫૨/- ભરપાઈ કરાયેલ છે. ત્યારબાદ આ મીલકત ફરીયાદી અરજદાર શ્રી ભુવા મહેન્દ્રકુમાર ગોરધનભાઈ દ્વારા ખરીદ કરાયેલ. જેના અનુસંધાને અરજદાર ની રજુઆત મુજબ - સદર વીજજોડાણ માં નામ બદલી ને વીજભાર ઘટાડા ની અરજી સબંધક પેટા વિભાગીય કચેરીમાં રજુ કરેલ - ત્યારે જણાવેલ કે - બન્ને અરજી એક સાથે પ્રોસેસ ન થઈ શકે.

આમ, ઉપરોકત સંજોગોમા ફરીયાદી દ્વારા તા.૦૭-૦૩-૧૭ ના રોજ નામ બદલી માટે અરજી કરાયેલ. જેના અનુસંધાને - પીજીવીસીએલ દ્વારા તા.૦૧-૦૪-૧૭ ના રોજ ભાવપત્રક રૂ.૩,૦૭,૯૪૫/-નુ અપાયેલ. જેમા નીચે મુજબ ના ચાર્જ દર્શાવ્યા છે.

એગ્રીમેન્ટ ફી રૂ.૧૦૦/-
સીક્યોરીટી ડિપોઝીટ રૂ.૩,૦૭,૮૪૫/-
કુલ રકમ રૂ.૩,૦૭,૯૪૫/-

ઉપરોક્ત સદર ભાવપત્રક મા અગાઉ ના જુના અરજદાર દ્વારા ભરપાઈ કરેલ સીક્યોરીટી ડિપોઝીટ ની કોઈપણ રકમ બાદ અપાયેલ નથી (માત્ર રૂ.૧૭,૪૫૨/- બાદ કરેલ છે. ) પરંતુ, સદર રકમ ખુબજ વધુ હોવાથી ફરીયાદી દ્વારા ભાવપત્રક ભરપાઈ કરાયેલ નથી.

ત્યારબાદ, ફરીયાદી અરજદાર દ્વારા જુના ગ્રાહક વિક્રાંતગીરી દીનેશગીરી ગોસ્વામી ના નામે સદર વીજજોડાણમાં ૧૦૦ KW માથી ૫૦ KW લોડ ઘટાડો કરવા માટે અરજી કરવામા આવેલ. જેનો ટેસ્ટ રીપોર્ટ અરજદાર દ્વારા તા.૨૯-૦૧-૧૮ ના રોજ રજુ કરાયેલ, પરંતુ પીજીવીસીએલ દ્વારા માલીકી હકક બદલાયેલ હોય, સદર અરજી ની એસ.આર. પ્રોસેસ કરાયેલ નહી. આવા સંજોગોમાં ફરીયાદી દ્વારા હૈયાત વીજજોડાણમાં નામ બદલી તથા વીજભાર ઘટાડા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ અરજી કરાયેલ.

૪.૨ ફોરમ દ્વારા પીજીવીસીએલ દ્વારા તેમજ ફરીયાદ ને વિગતવાર સાંભળ્યા બાદ, નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**૪.૩ અરજદાર દ્વારા એકી સાથે નામ બદલી અને ૧૦૦ KW માથી ૫૦ KW લોડ ઘટાડો કરવા માટે, એકજ અરજી કરવાની રહેશે, ત્યારબાદ વીજભાર ઘટાડો તથા નામ બદલી માટે કોમન એસ.આર. બનાવવાની રહેશે, આ કોમન એસ.આર. ને નિયમ મુજબ પ્રોસેસ કરીને પીજીવીસીએલ દ્વારા ૫૦ KW લોડ ઘટાડો કરવા માટે કાર્યવાહી કરવાની રહેશે. તેમજ, નામ બદલી ના કિસ્સામાં ફકત ૫૦ KW માટેની સીક્યોરીટી ડિપોઝીટ લેવાની રહેશે. તદઉપરાંત, અરજદાર દ્વારા અગાઉ ના અરજદાર દ્વારા ભરપાઈ કરેલ સીક્યોરીટી ડિપોઝીટ અંગે રૂ.૧૦૦/- ના નોનજ્યુડીશયલ સ્ટેમ્પપેપર પર નોટરાઈઝ કરીને, તથા નવા ગ્રાહક ના નામે સીક્યોરીટી ડિપોઝીટ ટ્રાન્સફર કરવા માટે નુ બાંહેધરી આપવામા આવે તો - જુના અરજદાર દ્વારા ભરપાઈ કરાયેલ સીક્યોરીટી ડિપોઝીટ નિયમ મુજબ - નવા અરજદાર ના બીલીંગ ખાતામાં જમા કરવાની રહેશે. તદઉપરાંત, આ જમા કરાયેલ ડિપોઝીટ પીજીવીસીએલ દ્વારા દરેક નાણાકીય વર્ષ ના અંતે રિવ્યુ કરવાની રહેશે.**

**૪.૪ આમ, અરજદાર ની અરજીનો નિકાલ કરવામા આવે છે.**

**(શ્રીમતી કે. જે. મોટાણી)**
**સભ્ય (સ્વતંત્ર)**

(જે.બી.પારેખ)
ચેરપર્સન

**નોંધ:**

**(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.**

**(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.**

**(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૯૮૯**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot